જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૧/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-        સમાચાર યાદી નં.૧૪૮/૧૬**

**નરોડા પાટીયા હત્યાકાંડમાં ૩૧ વર્ષની સજા પામેલ આરોપી સુરેશ ઉર્ફે રીચાર્ડ લંગડો કાંતીભાઇ એ પેરોલ રજા દરમ્યાન મહીલાનાં હુમલાનાં કેસમાં તથા મહીલાની સામે કરેલ સુષ્ટીવિરુધ્ધનાં કેસમાં ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-ર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી બી.સી.સોલંકી એસઓજી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી બી.ડી.જાડેજા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ સુચના આપેલ કે, તા.૨૦/૦૧/૨૦૧૬ ના રોજ જર્નાલીસ્ટ રેવતી લોલ d/o ઇન્દીરા લોલ ઉવ.૪૨ રહે, વેજલપુર નાઓ સરદારનગર કુબેરનગર ખાતે સુરેશ કાંતીભાઇ જાડેજા ના ઘરે તેમનો ઇન્ટવ્યુ લેવા ગયેલા ત્યાં આ સુરેશ છારા એ રેવતી બેન સાથે વાતચીત કરવાની ના પાડી જોરથી ગાલ ઉપર તેમજ માથાનાં ભાગે માર મારેલ. જેના બચવા પોતે તેઓ ભાગતાં તે પછી પણ તેમને પકડીને માર મારવાં લાગતાં આજુબાજુનાં માણસોએ સુરેશ જાડેજા ને પકડી લીધેલ અને તેઓ રીક્ષામાં બેસી ત્યાંથી ભાગી આવેલ અને વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે આ અંગેની ફરિયાદ આપેલ. જે ફરિયાદ સરદારનગર પોલીસ સ્ટેશન તરફ મોકલી જે સરદારનગર પો.સ્ટે.સે.ગુ.ર.નં.૩૦૧૫/૧૬ ધી ઇપીકો કલમ ૩૨૩, ૨૯૪(ખ) મુજબનો ગુનો દાખલ થયેલ. જે બાબતે આરોપીની તપાસમાં રહી ધરપકડ કરવા સુચના આપેલ.

જે બાબતે આરોપી સુરેશ ઉર્ફે રીચાર્ડ લંગડો s/o કાંતીભાઇ જાડેજા (છારા) ઉવ.૩૯ રહે, મહાજન વાસ, નાનો છારાનગર, રામાપીરનાં મંદિર પાછળ, એસ.ટી.વર્કશોપ સામે, નરોડા રોડ, અમદાવાદ શહેર નાને આજરોજ કુબેરનગર એસ.ટી.વર્કશોપ સામે નરોડા રોડ ઉપરથી એસ.ઓ.જી. ટીમના પોસઇ શ્રી પી.બી.દેસાઇ તથા ક્રાઇમ બ્રાન્ચના માણસોએ પકડી લીધેલ.

આ સુરેશ કાંતીભાઇ છારા તથા અન્ય બે વિરુધ્ધમાં દાણીલીમડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૦૪/૨૦૧૬ ધી ઇપીકો કલમ ૩૭૭, ૫૦૭, ૫૦૬(૧), ૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેમાં પણ તેની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

આ સુરેશ  કાંતીભાઇ છારો સને ૨૦૦૨ ની સાલમાં બનેલ ગોધરા હત્યાકાંડ અનુસંધાને બનેલ નરોડા પાટીયા હત્યાકાંડ ના કેસમાં આરોપી તરીકે સંડોવાયેલ હતો અને આ કેસમાં તેને ૩૧ વર્ષની સજા કરવામાં આવેલ છે. જે ગુનામાં તે જેલ વાસ ભોગવી રહેલ છે અને હાલમાં એક માસ ની પેરોલ રજા ઉપર છુટેલ છે. જેથી સદરહું ઇસમને આજરોજ તા.૨૧/૦૧/૨૦૧૬ ના રોજ સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ અટક કરવામાં આવેલ છે. અને આ અંગે વધું તપાસ ચાલું છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## ઘરફોડ ચોરી તેમજ વાહન ચોરી ના ગુન્હાઓ આચતરી કુખ્યાત ચીખલીગર ગેંગના સાગરીતને ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ, તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ, નાઓએ નાશતા ફરતાં આરોપી પકડી પાડવા સુચના કરેલ હોય, જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પો.સ.ઈન્સ. શ્રી એ.પી.ચૌધરી તથા પો.સ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સ.ઇન્સ. શ્રી જે.એન.ચાવડા નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ભાઇપુરા મદ્રાસી મંદિર પાસે આવતા સાથેના હે.કો.હિંમતસિંહ તથા હે.કો બટુકસિંહ નાઓની બાતમી હક્કીત આધારે  ઘરફોડ ચોરી તેમજ વાહન ચોરી ના ગુન્હાઓ આચરતી કુખ્યાત ચીખલીગર ગેંગના સાગરીત લાખનસિંગ લાલસીંગ ચીખલીગર રહે. રામાપીરના ટેકરો વાડજ અમદાવાદ નાઓને તા.૨૦/૦૧/૨૦૧૬ ના કલાક ૧૬/૦૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(આઇ) મુજબ અટક કરી પુછપરછ કરતાં

સદરી આરોપી વટવા પોલીસ સ્ટેશન ના ફસ્ટ ગુના રજી. નં.૭૪/૨૦૧૫ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ નાં ઘરફોડ ચોરી ના ગુન્હામાં તેમજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૮૮/૨૦૧૫ ઇપીકો ૩૭૯,૧૧૪ તેમજ રામોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૮૭/૨૦૧૫ ઇપીકો ૩૭૯,૧૧૪ નાં વાહન ચોરીના ગુન્હામાં સડોવાયેલ હોય અને સદર ગુન્હામાં અગાઉ ચીખલીગર ગેંગના મુખ્ય સુત્રધાર આરોપી જોગીન્દરસિંગ સરદાર નાઓ પકડાયેલ છે અને જેની સાથી સદરી આરોપી ઘરફોડ ચોરીઓ તેમજ વાહન ચોરી ના ગુન્હા આચરેલ છે.

## ચોરીનાના બાઇક સાથે આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ સબ ઇસ્પેકટર શ્રી આર.આઇ. જાડેજા તથા એસ.એન. દેસાઇ તથા સ્ટાફ્નાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, દાણીલીમડા ખોડીયારનગર નારણ ટી સ્ટોલ ટી રોડ પાસેથી આરોપી (૧) ફારુખ S/O અસલમભાઇ જાતે શેખ ઉ.વ.૩૧ રહે. કસાઇ જમાતના છાપરા, ચેપીરોગ હોસ્પીટલ, પીરાણા રોડ, બહેરામપુરા, અમદાવાદ નાનું હોવાનું જણાવેલ. (૨) શાહરુખ ઉર્ફે બાબુ S/O સલીમભાઇ જાતે લીલગર ઉ.વ.૨૦ રહે. ચાંદ શહીદ મસ્જિદની ગલી, સંતોષ નગર, ઢોરબજારની બાજુમા, દાણીલીમડા, અમદાવાદ શહેર નાઓને એક ચોરીની હીરોહોન્ડા હંક બાઇક સાથે ઝડપી પાડેલ છે

આ કામે પકડાયેલ આરોપીઓની પુછ પરછ કરતાં તેઓને હાલમા છુટક મજુરી કામ ઓછુ મળતુ હોય તેમજ આર્થિક પરિસ્થિતિ નબળી હોય પૈસાની જરૂરિયાત હોય બંન્ને એ ભેગા મળી આંઠેક દિવસ પહેલા વી.એસ હોસ્પીટલ મા પાર્ક કરેલ હીરો હોન્ડા હંક બાઇક ને ડુપ્લીકેટ ચાવી લગાવી ચાલુ કરી ચોરી કરી લીઘેલ અને તે બાઇક બંધ પડી જતા આજરોજ બંન્ને ઇસમો તેને ઢોરબજાર તરફ રીપેરીંગ કરવા લઇ જતા હતા દરમ્યાન તે દરમ્યાન દાણીલીમડા ખોડીયારનગર નારણ ટી સ્ટોલ ટી રોડ પાસેથી ચોરીની હીરો હોન્ડા હંક બાઇક સાથે ઝડપી પાડેલ છે અને સદરી આરોપીઓને મુદામાલ સાથે એલિસબ્રિજ  પોલીસ સ્ટેશન નાઓને સોપવા તજવીજ કરવામાં આવેલ છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અગાઉ સોલા પો.સ્ટે.ખાતે ચેન સ્નેચીંગના ૨૨ ગુનામાં પકડાયેલ આરોપીઓને વાડજ પો.સ્ટે. વિસ્તારમાંથી ચોરી થયેલ એકટીવા સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.**

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી આર.બી.પટેલ સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર વી.જે.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ એકટીવા ચોરીના ગુનાના કામે આરોપીઓ જગદીશ પકાશભાઇ નાગોરા (ખટીક) ઉ.વ.૧૮ રહે. એફ/૨૧૨, લખોટી કો.હા.સોસાયટી,લખોટી તળાવ પાસે, નારણપુરા, અમદાવાદ શહેર (૨) દિપક રાજુભાઇ સુર્યવંશી(મરાઠી) ઉ.વ. ૧૮ રહે. નારણપુરા ગામ,સધીમાતાના મંદીર પાસે,મોચીવાડા,અમદાવાદ શહેર નાઓને સુઝુકી એકસેસ નં. GJ-01-SB-6463કી.રૂ. ૨૫,૦૦૦/- સાથે પકડી અટક કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપી પૈકી દિપક રાજુભાઇ સુર્યવંશી અગાઉ સોલા પોલીસ સ્ટેશન ખાતે ચેન સ્નેચીંગના કુલ્લે-૨૨ ગુનાઓમાં પકડાઇ ચુકેલ છે. અને હાલમાં જ જેલમાંથી છુટેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)